||ॐ  શ્રી સાઈરામ ||

||ॐ  શ્રી સાઈ ભક્તમન્દારાય નમઃ। (૬૯)

## ભક્તોને માટે કલ્પત હોવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સંત જ્ઞાનેશ્વર મહારાજે ભગવાન પાસે ‘ પસાયદાન ' (પ્રાર્થનાપૂર્વક કરેલી માગણી) માંગતી વખતે કહ્યું છે કે – ઈશ્વરથી દૂર થયેલા લોકોનો અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાઓ, વિશ્વમાં સ્વધર્મરૂપી સૂર્યનો ઉદય થાઓ અને સમસ્ત પ્રાણીમાત્ર જે જે મંગલ ઇરછા  કરશે તે તે પૂર્ણ થાઓ.

સંત જ્ઞાનેશ્વરે કરેલી આ ઈરછા ભગવાને સ્વીકારી અને તે પૃથ્વી પર અવતર્યા, તે શ્રી સાઈના રૂપમાં, વિશ્વના સમસ્ત પ્રાણીમાત્રની મંગલ કામના પૂરી કરવા માટે.

સ્વામી કહે છે-“યોગ એટલે ઇષ્ટ એવું પ્રાપ્ત કરવું અને ક્ષેમ એટલે આવી રીતે જે પ્રાપ્ત થયું છે, તેની સંભાળ કરવી. આની સંભાળ કરવા માટે તમને જે શિસ્ત અમલમાં લાવવી પડશે તે છે અનન્યચિંત. અર્થાત્ ઈશ્વર ઉપર ખાસ ચિત્ત એકાગ્ર કરીને કરેલું ધ્યાન. આ શિસ્ત તમારું મન સ્વચ્છ કરશે તેમજ તમને ભક્ત બનાવશે.”

સ્વામીએ એવું પણ કહ્યું છે કે, ભક્તની ઓળખ એટલે-

જે ઈશ્વર વિશે બોલે છે.

જે ઈશ્વર વિશે ગાય છે.

જે કેવળ ઈશ્વરને જ જુએ છે.

જે ઈશ્વરના સાંનિધ્યમાં સમય વીતાવે છે.

એવા ભક્તોનું યોગક્ષેમ ચલાવવા માટે, તેમની મંગલ ઈચ્છા પૂર્ણ કરવા માટે ભગવાન બાબાએ અવતાર ધારણ કર્યો છે અને તેથી જ તે ભક્તો માટે ' કલ્પતરુ સમાન ’ છે.

સ્વામી જયારે નિશાળમાં જવા લાગ્યા, ત્યારે તેમના વર્ગમિત્રો માટે તે પિપરમીટની ગોળીઓ, પેન્સિલ, વગેરે, વસ્તુઓ દફતરમાં હાથ નાંખીને કાઢી આપતા. ત્યાર પછી પર્વત પરના આમલીના ઝાડ પરથી અનેક ઇચ્છિત વસ્તુઓ તેમણે ભક્તો માટે કાઢી આપી હતી. તેથી આ વૃક્ષને ' કલ્પતરુ' નામ પ્રાપ્ત થયું હોવા છતાં આ ઝાડકેવળ નિમિત્ત જ હતું. સાચાકલ્પતરુ તો ભગવાન બાબા જ છે જે તેમના ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે.

ઈશ્વરમ્માને જ્યારે સાઈના શિરડી અવતારની અનેક વાતો સાંભળવા મળી, ત્યારે તેમને ખબર પડી કે, શિરડી અવતારમાં સાઈનાથ શિરડી અને આજુબાજુના બે-ચાર ગામો છોડતા ક્યાંય ગયા નહોતા એટલે તેમણે સ્વામીને પૂછ્યું-“સ્વામી તમે શિરડી સાઈનો અવતાર છો અને શિરડી સાઈ બાબા તો શિરડી છોડીને ક્યાંય ગયા નહોતા. તો પછી તમે કેમ બધી જગ્યાએ જાઓ છો?" આ પ્રશ્ન પૂછવાનો ઉદ્દેશ એટલે તેમને સ્વામીનો વિયોગ સહન ન થતો એ જ હતો.

આ સાંભળતા તમે હસતા હસતા બોલ્યા - " હું બીજે ક્યાંય ન જતા કેવલ પુટ્ટપતિમાં કેવી રીતે રહું? જે જે સ્થળે જે જે ભક્ત મને જે જે નામથી પોકારે છે, તે તે સ્થળે જઈને તે ભક્તોને મળીને તેમના પર કૃપા મારે કરવી જ પડે છે. તેના માટે જ તમે અવતાર ધારણ કર્યો છે."

અને સ્વામીના આ વચનનો અનુભવ અગણિત ભક્તોને થયો છે. જેમણે તેમને શુદ્ધ અંતઃકરણથી સાદ આપ્યો છે ત્યાં દોડી જઇને તેમણે ભક્તોને તાર્યા છે. તેમની 'મંગલ' કામના, પછી તે સાંસારિક હોય, આધ્યાત્મિક હોય, તેમણે પૂર્ણ કરી છે.

સંત જ્ઞાનેશ્વરે કહ્યા મુજબ, સ્વામીએ, ખરેખર, જ 'ચાલવાવાળા' કલ્પતરુનો બગીચો છે.

||ॐ  શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||